R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

MARCH - 2017


Vol No. 60 Issue No. 12

Total - 36 Pages

જ્યોતિ પુંજ
ચિત્રકામ
હરિફાઈ



અભિનંદન
બાલાસિનોરનું
ગૌરવ




જ્યોતિ પુંજ માં જાહેરાત આપવા બદલ ધન્યવાદ

2nd Cover Page



# સુવાક્ય

- રાગ પરિધિ પર ફર્યા કરતો હોય છે, જ્યારે પ્રેમ કેન્દ્રને પકડીને બેઠો હોય છે.
- નિમિત્તોની વણઝાર એનું જ નામ સંસાર.
- ઘાસ ખાઈનેય દૂધ બનાવે છે ગાય, એનું નામ છે પાત્રતા, જ્યારે દૂધ પીધા પછીય ઝેર બનાવે છે સર્પ, એનું નામ છે અપાત્રતા.
- ફરિયાદ વિનાનું ચિત્ત એ આ ધરતી પરનું સ્વર્ગ છે.
- એક ઈશ્વરને જ માગી લો. ઐશ્વર્ય તો ઈશ્વરનો પડછાયો જ છે જ્યાં ઈશ્વર ત્યાં ઐશ્વર્ય!.
- મનની કેવી કરુણ દશા છે? પાપ એકનું એક જ કરવાનું હોય તોય એમાં એને આનંદ આવે છે અને ધર્મ એકનો એક જ કરવાનો હોય તો એમાં એ કંટાળી જાય છે.
- ગૃહશાંતિ કર્યા વિના વિશ્વશાંતિની વાતો કરવાનો કોઈ અર્થ નથી.
- આસક્તિ ઉડાઉ બનાવે છે, વિરક્તિ ઉદાર બનાવે છે.
- બીજાનાં આંસુ પર મેળવેલું સુખ આજે નહિતર કાલે પણ આંખમાંથી આંસુ પડાવીને જ રહેશે.
- 'જતું કરવાની તૈયારી' એ જગતમાં ટકી રહેવા માટેની શ્રેષ્ઠતમ મૂડી છે.
- મનુષ્ય એ ધરતીનું અલંકાર છે,
  સંપત્તિ એ મનુષ્યનું અલંકાર છે,
  દાન એ સંપત્તિનું અલંકાર છે,
  સુપાત્રદાન એ દાનનું અલંકાર છે.



- સંકલન

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૦ | ૧૨ | ૨૧-૩-૨૦૧૭ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

## ચકલી નાની ને ફૈડકો મોટો

## જાણી લો શરીરસ્થ અંત:સ્ત્રાવી ગ્રંથિઓના મસમોટા કાર્યો

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

ડૉકટર સાહેબ જુઓને શરીરમાં કેટલાય દિવસથી ગડમથલ ચાલ્યા કરે છે. ઘડીકમાં આમ થાય છે ને ઘડીકમાં પેલું થાય છે. ખરેખર શું થાય છે સમજ નથી પડતી. પેશન્ટને ધરપત આપતાં ડૉકટર અમુકતમુક રિપોર્ટ કઢાવવાનું કહે છે. બધા જ રિપોર્ટ નોર્મલ આવે છે. ફરી ડૉકટર હવે બીજા ટેસ્ટ કરાવવાનું કહે છે એ પણ નોર્મલ આવે છે. તો શરીરમાં થાય છે શું ? આ શરીરમાં આપણા લીધે જ ગરબડ પેદા થાય છે. આપણાં શરીરમાં અલગ અલગ તંત્રો આવેલા છે. શ્વસન તંત્ર, પાચન તંત્ર, રુધિરાભિસરણ તંત્ર, અસ્થિ તંત્ર, મજ્જા તંત્ર, જ્ઞાન તંત્ર, ઉત્સર્ગ તંત્ર, પ્રજનન તંત્ર, આવરણ તંત્ર આ બધા જ તંત્રો એકબીજા સાથે સંલગ્ન છે, સંકડાયેલા છે. આ સર્વ તંત્રોના કાર્યોનું નિયમન આપણા શરીરમાં આવેલી નાની નાની અંત:સ્ત્રાવી ગ્રંથિઓના સ્ત્રાવથી થાય છે. જ્યારે વ્યક્તિ સતત વિચારોમાં, તાણમાં, ડીપ્રેશનમાં રહેતી હોય ત્યારે તેની અંત:સ્ત્રાવી ગ્રંથિઓ પર અસર પડે છે. તેમાંથી સ્ત્રાવ ઝરતો અનિયમિત બને છે, ઓછો ઝર છે, અટકી જાય છે, આના લીધે શરીરના તંત્રો પર એની સીધી અસર પડે છે. કાર્યો ખોટકાય છે માટે વ્યક્તિએ હંમેશા આનંદમાં રહેવું. અતિ ક્રોધિત, વાતે વાતે ટાચકા લાગવા, મનોમન સતત વેરઝેરની ભાવનાઓવાળા આમ જોવા જઈએ તો પોતાની મેળે

પોતાની જાતનું નખ્ખોદ વાળે છે. મોજમઝા, રમૂજ, હસીખુશીનું વાતાવરણ જીવનને અનેક ઉપાધિઓમાંથી ઉગારી લે છે.

આપણા શરીરમાં આવેલી અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ આમતો ખૂબ નાની નાની છે પરંતુ તેના કાર્યો ખૂબ મોટા અને જટિલ છે. દ્રાક્ષના બી જેવડી, વટાણા જેવડી નાની નાની ગ્રંથિઓ શરીરના જુદા જુદા ભાગમાં આવેલી છે. આ ગ્લેન્ડસ્ (ગ્રંથિઓ)માંથી અમુક નલિકા રહિત છે. અમુક નલિકા યુક્ત એટલે કે તેમાંના સ્ત્રાવ, કેમિકલ, જ્યુસ, હોર્મોન્સ નલિકા દ્વારા શરીરના બીજા હિસ્સામાં પહોંચે છે અથવા લોહીના માધ્યમ દ્વારા અન્ય ભાગ સુધી પહોંચે છે.

મુખ્ય બે ગ્લેન્ડસ્ માથામાં આવેલી છે. તેને શિર્ષસ્થ ગ્રંથિ પણ કહેવામાં આવે છે. પિચ્યુટરી અને પીનીયલ ગ્લેન્ડસ્ આપણા માથામાં આવેલી છે.

## પિચ્યુટરી (Pitutory):

આ ગ્રંથિ મસ્તકમાં મગજની નીચેના ભાગમાં ખોપરીના ખાડામાં આવેલી છે. તેનું કદ વટાણા જેટલું, વ્યાસ-૧૦ મી.મી. અને વજન ૬૦૦ મી. ગ્રા. છે તેનો રંગ ભૂખરો પીળો છે તેના કાર્યો આ પ્રમાણે છે.

૧) શરીરની વૃદ્ધિ

૨) લોહીના દબાણનું નિયમન.

૩) જનન અંગોની વૃધ્ધિનું નિયમન.

૪) પ્રસુતિ વખતે ગર્ભાશયના સ્નાયુઓને મદદ કરવાનું.

૫) પ્રસુતિ પછી ગર્ભાશયનું સંકોચન.

૬) પ્રસુતિ પછી માતાના સ્તન માં દૂધ ઉત્પન કરવાનું.

૭) અન્નમાર્ગની આકુંચન લહરીને મદદ કરવાનું.

૮) શરીરમાં પાણીના પ્રમાણનું નિયમન.

આ ગ્રંથિ બીજી અંતઃસ્ત્રાવી ગ્રંથિઓનું નિયમન કરતી હોય. આ ગ્રંથિ સર્વ ગ્રંથિઓના નિયામક (કેપ્ટન) તરીકે ઓળખાય છે.

## પીનીઅલ (Pineal):

તેનું સ્થાન મસ્તકમાં મગજના તળ ભાગમાં છે, તે પિચ્યુટરીની બિલકુલ નજીક આવેલી છે તે નાની લાલાશ પડતા રંગની માંસમય ગ્રંથિ છે તેનો આકાર શંકુ જેવો છે અને ૧ ગ્રામથી પણ ઓછું વજન ધરાવે છે. અતિન્દ્રિય જ્ઞાન સાથે આ ગ્રંથિને સંબંધ છે એમ માનવામાં આવે છે. આ ગ્રંથિમાં ગાંઠ થાય તો અકાળે પૌઢત્વ નજરે પડે છે. **ક્રમશઃ**

❖❖❖❖❖

## સંબંધોમાં મેઘધનુષ રચી શકાય છે

**- શૈલેષ કી. દેસાઈ**

જેમ સંગીતમાં દરેક આવર્તનનું અંતિમ સમા પર આવે તેમ દરેક લખાણ, દરેક વિષય, દરેક વિચાર અને દરેક સંવેદનનું આરંભિક બિન્દુ અને અંતિમ બિન્દુ સંબંધ પર આવીને અટકે અથવા શરૂ થાય અને સંબંધનું આર્વતન પણ અંતે પ્રેમ પર આવીને શરૂ થાય, ચાલુ રહે અને પુરૂ થાય. આજે એવા સાત રંગોની જેનાથી સંબંધોનું મેઘધનુષ પૂર્ણ કળાએ ખીલી ઊઠે. સંબંધની સપ્તપદી જેવા આ સાત પગલા એક વાર ભરી જોવા જેવા ખરાં.

પરસ્પર આદર, એ સુમેળની ચાવી છે. સાથે જીવવું હળીમળીને એ ખેલ નથી. ગમે તેટલો પ્રેમ ચોવીસ કલાક સાથે રહેવાનું એક વિઘ્નદોડ જેવું બની જતું હોય છે. આ દોડને સરળ બનાવવા પતિ-પત્નીએ એક પ્રેમીઓએ પણ પરસ્પર આદર કરતા પોતાની જાતને કેળવવી જોઈએ, એક બીજાની કદર કરવી જોઈએ, તમારી વચ્ચેનો આંતરપ્રવાહ સતત વહેતો હોવો જોઈએ. એક બીજાને લાગણીનો ખ્યાલ હોવો જોઈએ અને કદી ન તુટે તેવો વિશ્વાસનો સેતું તમારા બન્નેના હૃદય વચ્ચે બંધાયેલો હોવો જોઈએ, કદી એકબીજાનું અપમાન ન કરવું, તૂ-તા ન કરવી શારિરીક, માનસિક, શાંબ્દિક કે સાંયોગીક શોષણ, પાયાને ખાઈ જનારી ઊધય છે.

**મતભેદ હોઈ શકે પણ મનભેદ કદાપી નહી.**

કોઈ સંબંધ એવો નથી હોતો જેમાં તડાફડી ન થતી હોય, મનોવૈજ્ઞાનિકો તે તેટલી હદે લખે છે કે અઠવાડીયામાં થોડા ભારે ને થોડા કળવા ઝગડા પતિ-પત્ની વચ્ચે થાય તે નોર્મલ છે. એ દરમ્યાન પરસ્પર આદર તો હોવો જ જોઈએ. કોઈ વિષય પર વાતોનો મેળ ખાતો ન હોય તો તે વિષય છોડી દેવો, થોડો સમય શાંત થઈ જવું. અહમને દૂર રાખી હસી ને વાતો ઉડાવી દેવી. થોડું જતુ કરવું ને વાત ને મામૂલી લઈ લેવી.

**ત્રીજી શરીર સંબંધોમાં પારદર્શકતા**

શારિરીક સંબંધો લગ્નજીવનની સફળતા કે નિષ્ફળતાનું મોટું નિર્ણાયક બળ છે કુદરતે શરીરનું આકર્ષણ લગ્ન પછી પાંચ-સાત વર્ષ સુધી અત્યંત હોય છે. સમયદરમ્યાન સંબંધો એકબીજાને સમજવાનું કે એકબીજાને ગમતા રહેવું તેના માટે શરીરને સ્વસ્થ, ફીટ, સુડોળ રાખવા પ્રયત્ન શીલ રહેવું. સારો પહેરવેશ ને સુંદર દેખાવવા હંમેશ Presence of mind રાખવું ઘણી સ્ત્રીઓ ઘરમાં લગરવગર ફરતી હોય છે. ફક્ત બહાર જવા વેળા સુંદર દેખાવા કોશીષ કરે છે. પણ યાદ રાખવું કે પોતાના પુરુષની છુપી નજર તમારા પહેરવેશ પર હંમેશા હાજર હોય છે. શરીર સંબંધની પહેલમાં હંમેશાં પુરુષે જ કરવી હોય છે. પહેલમાં કે તેનો ઈન્કાર લોભાવવા માટે ધાર્યુ કરાવવા દંપતિએ જ નક્કી કરવાનું હોય છે કે એક બીજાની રસરુચી, ગમો, અણગમો ને ધ્યાનમાં રાખે એનો ખ્યાલ હોવો જોઈએ. ઘણા સંબંધોમાં સ્ત્રી શારિરીક સંબંધોમાં પ્રાણ પુરી શકતી નથી. આવે સમયે મનોચિકિત્સકની સલાહ લેવી પરસ્પર મનને ખુલ્લા મને વાત કરવી જોઈએ. એટલા વ્યસ્ત ન રહો કે નિકટ રહેવાની ઈચ્છા ન થાય. આ સ્થિતિનો શિકાર ન થવું. અંગત જીવન માટે સમય કાઢવો જોઈએ.

માતા પિતાની ભૂમિકામાં એકમત હોવું. બાળકો બે પ્રકારના હોય છે કેટલાક આજ્ઞાતિંક ને કેટલાક સ્વતંત્ર ને ચંચળ હોય છે. માતા પિતાએ બાળકો સામે કદી ઝઘડવું નહી જેથી બાળકોના મનમાં ગુંચવણ ઉભી કરી છે મનને સંયમમાં રાખી થોડા સમય પછી જે હોય તે ખુલાવટ કરવી જેથી બાળકનો આત્મા ખીલે છે. પાંચમું ખર્ચની બાબતમાં એકમત મેળવવી. મોટા ભાગના પતિ-પત્ની કારકિર્દીને સવેષ્ય ન માનવું, પોતાની કમાણીનો અહમ વચમાં ન લાવવો. બજેટ બનાવવું એ

દંપતીનો કસોટી સમય હોય છે. વડીલોની જરૂરિયાતને પણ મહત્વ આપવું પડે છે. સહીયારી આવક સાથે સ્વને પણ સહિયારી જવાબદારીથી સમજવા. પૈસાનું મહત્વ કેન્દ્રમાં રાખવું જોઈએ. આ પૈસા તારા ને મારા આવું કદાપી ન વિચારવું.

પારિવારિક જવાબદારી સમજવી. સરળતા આપણે એકલાની પરિવારને પોતાના માનવાના હોય છે. આ તારો ભાઈ ને આવી ભાભી શબ્દોના ઉચ્ચારથી અંતર બંધાય છે. ગુલામી કરવી કે ઘસાઈ જવું આવો ભાવ મનમાં ઉત્પન્ન ન થવા દેવો. સ્વજન સંબંધી ખાનદાની કેળવવી જોઈએ. આવી હલકી મનોવૃતિ રાખવી નહી.

છેલ્લે રોમાન્સને તાજો રાખવો. જવાબદારીઓ નિભાવતાં મહેનત કરતા ને સંસાર ઉભો કરતાં રોમાન્સને તાજો રાખી શકાય છે મનને હળવું રાખી પૂરા પ્રેમથી સામેની વ્યક્તિની અપનાવી લેવી જોઈએ. તેનાથી દાંપત્ય જીવન સુખી કરો તો જીવનમમાં સુંગંધ, સુગંધ છવાઈ જશે. યાદ રાખવું એક બીજાને માટે ભગવાને સર્જ્યા છે સાથે જ રહેવાનું છે ને જીવન વ્યતિત સાથે જ કરવાનું છે એક બીજાને રોમેન્ટીક જીવન જીવવાનું છે દિવેલીયુ મોઢુ રાખીને શું ફાયદો ? જે છેવટે સંબંધોમાં મેઘધનુષ રચાય છે. ✤✤✤✤✤

## : માતબર દાન :

**કરણ અતુલ મોદીના લગ્નપ્રસંગે શ્રી બાલાસિનોર નવયુવક સંઘને રૂા. ૫૧,૦૦૦/-નું માતબર દાન પ્રાપ્ત થયું છે.**

**હસ્તે : અતુલ મોહનલાલ મોદી (ખાંડીવાળા)**

**સંસ્થાવતી ખૂબ ખૂબ આભાર**

## 'દર્દ', 'હમસફર', 'પ્યાર', 'દોસ્તી', 'રિસ્તા', 'અહસાસ', 'જિંદગી કા હૈ'

**-નયન કડકીઆ**

**"દર્દ'** સભી ઈન્સાનો મેં હે મગર... કોઈ દિખાતા હૈ તો કોઈ છુપાતા હૈ..

**'હમસફર'** સભી હૈ મગર... કોઈ સાથ દેતા હૈ તો કોઈ છોડ દેતા હૈ...

**'પ્યાર'** સભી કરતે હૈ મગર... કોઈ દિલસે કરતા હૈ તો કોઈ દિમાગ સે...

**'દોસ્તી'** સભી કરતે હૈ મગર... કુછ લોગ નિભાતે હૈ.. કુછ લોગ અજમાતે હૈ.

**'રિસ્તા'** કઈ લોગો સે હોતા હૈ મગર.. કોઈ પ્યાર સે નિભાતા હે.. તો કોઈ નફરત સે નિભાતા હૈ, જીંદગીમે.

**'અહસાસ'** સબકો હોતા હૈ મગર... કોઈ મહેસૂસ કરતા હૈ.. તો કોઈ સમજ નહી પાતા...

**'જિંદગી'** સભી જીતે હૈ મગર.. કોઈ સબ કુછ આને કે બાદ ભી દુઃખી રહેતે હૈ.. તો કોઈ લૂટા કે ખુશ રહેતે હૈ, જો હમેશાં કહે મેરે પાસ સમય નહી અસલ મે વહ વ્યસ્ત નહી બલ્કી વો અસ્ત વ્યસ્ત હૈ.

'કામયાબ હોને કે લિયે અકેલે હી આગે બઢના પડતા હૈ, લોગ તો પીછે પીછે તબ આતે હૈ જબ તુમ કામયાબ હોને લગતે હો'..!!!

| | |
|---|---|
| Life is | "Exp"+ Exp'+ Exp" |
| Yesterday ........ | "Experience" |
| To day is | "Experiment" |
| Tomorrow is | "Expectations" |
| So use your | "Exerience" in your "Experiment" |
| To Achive your | "Expectations. |

# બાલાસિનોરના છેલ્લા ન્યૂઝ

જે રંગેચંગે મુંબઈ તથા કાંદિવલીમાં ફગવા ઉત્સવ ઉજવાયો તેવી જ રીતે અનેક ભાત પાડતો ફગવો બાલાસિનોર મુકામે ઉજવાયો.

'પ.પૂજ્ય ૧૦૮ શ્રી વલ્લભબાવા', આપશ્રીએ આ પ્રસંગે પધરામણી કરી બાલાસિનોરવાસીઓ પર અસીમ કૃપા કરી હતી. બાલાસિનોરના ફગવાની વિશેષતા એ રહી કે રેકર્ડબ્રેક હાજરી આ વખતે રહી હતી. હજાર ઉપર વૈષ્ણવોએ ફગવાનો લાભ લીધો હતો. આટલી મોટી સંખ્યા હોવા છતાં સર્વ આયોજન સફળતાપૂવર્ક પાર પડયું હતું. તેમાં બાલાસિનોરના કાયમી નિવાસી લોકોની કોઠાસૂઝ કામ કરી ગઈ હતી. ઉપરાંત બાલાસિનોર તથા મુંબઈના કાર્યકર્તાઓએ ખભેખભા મિલાવી દરેક પ્રસંગને પાર પાડી ચાર ચાંદ લગાવી દીધા હતા. ફગવા ઉત્સવમાં કેટરરે ખૂબ જહેમત ઉઠાવી દરેકને ન્યાય આપ્યો હતો.

આ દિવસો દરમ્યાન KGM હોસ્પિટલ ખાતે દાતાઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આદરણીય શ્રી વેદે ખૂબ સુંદરવાત રજૂ કરી હતી કે બાલાસિનોરની પ્રજામાં અનહદ સંપ છે. આ સમાજની દરેક વ્યક્તિ એક ઘર મુંબઈમાં હોય તો પોતાના ગામમાં પણ ઘર બનાવવા કે વસાવવા તત્પર હોય છે અને એટલે જ અનેક કુટુંબો દિવાળી, હોળી અન્ય સમયે સાથે મળીને ગામની મુલાકાત લે છે, રહે છે. જ્યારે જ્યારે બાલાસિનોરને મદદની જરૂર પડી છે ત્યારે એકજૂટ મળીને અનન્ય સહકાર આપે છે. સન્માનનીય શ્રી જય વસાવડાના પ્રવચનનું આયોજન લાયન્સ કલબ દ્વારા થયું હતું જેનો અનેક લોકોએ લાભ લીધો હતો.

આવા ગૌરવપૂર્વકના અનેક કાર્યો આપણે કરી શકીએ અને સંપૂર્ણ સહકાર આપી શકીએ એવી શક્તિ હે પ્રભુ અમને પ્રદાન કરો.

## 'જ્યોતિ પુંજ' (માસિક)

**ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે 'જ્યોતિ પુંજ' પિત્રકા અંગેની માહિતી**

**ફોર્મ નં.૪ (જુઓ રૂલ નં.-૮)**

| | |
|---|---|
| **૧)પ્રકાશનનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદીસ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪૦૦૦૦૪ |
| **૨)પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| **૩)મુદ્રક અને પ્રકાશકનું નામ** | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| **૪)રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **૫)તંત્રીનું નામ** | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| **૬)જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ |

હું, બંકિમ રજનીકાન્ત પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ - તા. ૨૧-૩-૨૦૧૭ (સહી):** બંકિમ રજનીકાન્ત પરીખ

**પ્રકાશક: 'જ્યોતિ પુંજ'**



શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા) ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર દશાનીમા વણિક સમાજનું ગૌરવ

## અભિનંદન







**શ્રી કિરણ બીપનચંદ્ર ઝવેરી**

આપણી જ્ઞાતિના શ્રી કિરણ બીપનચંદ્ર ઝવેરી આઈ.એ.એસ.માં પસંદગી પામેલ છે. ઈન્ડીયન એડમીનીસ્ટ્રેશન સર્વીસમાં બઢતી મેળવવા બદલ સંસ્થા શ્રી કિરણભાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. સમગ્ર જ્ઞાતિમાં આઈ.એ.એસ. અધિકારી થનાર તેઓ સૌપ્રથમ છે. તાજેતરમાં તેઓની નિમણૂક અમદાવાદના અધિક કલેકટર તરીકે થયેલ છે. અગાઉ તેઓ સેલ્સટેક્ષ/વેટ ડિપાર્ટમેન્ટમાં સેલ્સટેક્ષ ઓફીસર, આસીસ્ટન્ટ કમિશ્નર, ડેપ્યુટી કમિશ્નર, જોઈન્ટ કમિશ્નર તરીકે ફરજ બજાવી ચૂકેલ છે. શ્રી કિરણ ઝવેરીની ઉમદા, ઉત્કૃષ્ઠ અને સરાહનીય કામગીરીની કદર કરી રાજ્ય સરકારે આઈ.એ.એસ.માં બઢતી આપેલ છે. આઈ.એ.એસ. સમગ્ર ભારત દેશમાં સરકારની સેવાઓમાં સર્વોચ્ચ સેવા તરીકે ગણવામાં આવે છે. શ્રી કિરણભાઈ ઝવેરી આઈ.એ.એસ. ની કારકિર્દીમાં પણ ખૂબ જ સફળતા મેળવે અને તેઓનું તથા સમગ્ર જ્ઞાતિનું નામ રોશન કરે તેવી શુભેચ્છા સંસ્થા પાઠવે છે.

શ્રી કિરણભાઈ, બીપીનચંદ્ર મોહનલાલ ઝવેરી તથા કોકીલાબેન બી. ઝવેરીના પુત્ર છે. રૂપલ (શ્રી ચંદ્રકાંતભાઈ સી. શાહ હાથીખાનાવાળાની પુત્રી) સાથે લગ્ન કરેલ છે. તેમના પુત્ર આકાશ એમ.બી.બી.એસ. થયેલ છે. તેઓની પુત્રી કુ. પરિતા એસ. વાય. બી. કોમ.ના અભ્યાસ સાથે સી.એનો અભ્યાસ કરી રહેલ છે. શ્રી કિરણભાઈની શૈક્ષણિક કારકિર્દી ખૂબ જ ઉજ્જવળ રહેલ છે. તેઓશ્રીએ ધો. ૧૨માં સમગ્ર રાજ્યમાં બોર્ડમાં સ્થાન પ્રાપ્ત કરેલ. જ્ઞાતિજનોને સરકારી કામમાં માર્ગદર્શન કરવા હરહંમેશ તત્પર એવા શ્રી કિરણ બી. ઝવેરી આઈ.એ.એસ. અધિકારી તથા તમામ પરિવારના સભ્યોને સંસ્થા હાર્દિક અભિનંદન તથા શુભેચ્છા પાઠવે છે.


શ્રી સુકેતુ આર. મોદી (સી. લાઈટ) ના જે જે શ્રી ગોકુલેશ

# અમો આભારી છીએ...
## જ્યોતિપુંજમાં આપની અમૂલ્ય જાહેરાત આપવા બદલ...

સહર્ષ જણાવવાનું કે બાલાસિનોરના સર્વ મંડળો અને તેમના હોદેદારો, કમિટી મેમ્બરોએ સક્રિય રસ લઈને જ્યોતિપુંજમાં આપેલી જાહેરખબર માટે અમે આપ સર્વના આભારી છીએ. ઉપરાંત સર્વ બાલાસિનોર વાસીઓ ઉમદા હૃદય રાખીને આખા વર્ષ દરમ્યાન માટે તેમ જ મહિના માટે જે જાહેરખબર તથા જે જે શ્રી ગોકુલેશની શુભેચ્છા પાઠવે છે તેઓના સહકાર બદલ આભાર.

વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન જ્યોતિપુંજ માટે જાહેરાત મળી છે તેમના નામની યાદી નીચે મુજબ છે.

**ફુલ પેજ-૧૪**

૧) એમ.સી.મોદી એન્ડ બ્રધર્સ
૨) ઈસન ઈલેકટ્રીકલ એન્ટરપ્રાઈઝ
૩) સ્વેતા ઈલેકટ્રીક કોર્પોરેશન
૪) શાહ એન્ડ શાહ એન્ટરપ્રાઈઝ
૫) હાર્દિક સુથાર અને નલીન સુથાર
૬) પાવરટેક કંન્ટ્રોલ સિસ્ટમ
૭) રાલસન ઈન્ટરનેશનલ
૮) નોવાટેક ઈલેકટ્રો એન્જીનીયર્સ પ્રા.લિ.,
બિનીતા હાર્ડવેર સ્ટોર્સ
૯) નીપા કોમર્શીયલ કોર્પોરેશન
૧૦) ડૉ. દિપમ શાહ
૧૧) ઈન્સ્પાયર્ડ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ (યુ.એસ.એ.)
૧૨) પ્રભાત કેબલ્સ પ્રા.લિ.
૧૩) ડી.પી. ઝવેરી જવેલ
૧૪) પુષ્ટી ઈલેકટ્રીકલ્સ પ્રા.લિ.

**હાફ પેજ - ૨**

૧) ગોપાલ જયંતીલાલ ભટ્ટ (ગોર)
૨) ફેમીલી ડેન્ટીસ્ટ્રી ડૉ. શીખા એ. ધારીઆ

**ક્વાટર પેજ - ૬**

૧) ભરત ડોસા
૨) શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય
૩) ઈન્ડીયન ફોટો
૪) સી.પી.એન્ટરપ્રાઈસીઝ
૫) વાત્સલ્ય યોગદર્શન
૬) નિરવ ફોટો આર્ટસ્

**કવર પેજ (બેક ઈન) - ૧**

૧) મેચવેલ એન્જીનીયરીંગ કંપની.
હિન્દુસ્તાન ટેપેક્ષ કંપની

**કવર પેજ (બેક-આઉટ) - ૧**

૧) અનુકુલ સીલેક્શન

**જે જે શ્રી ગોકુલેશ શુભેચ્છા - ૨૦**

૧) શ્રીમતી હસુમતીબેન મંગળદાસ મોદી
૨) સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોક્સી)
૩) શ્રી રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરવાળા)
૪) શ્રીમતી અંજુબેન જગદીશ ધારીઆ
૫) શ્રી સુકેતુ આર. મોદી (શ્રી લાઈટ)
૬) શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા)
૭) શ્રી જયંતીલાલ મુળજીભાઈ પરીખ (બખલી)
૮) સ્વ. કોકીલાબેન મણીકાંત કડકીયા
૯) અહોડી કુટુંબ
૧૦) શ્રીમતી નયનાબેન પંકજકુમાર મોદી
૧૧) શ્રીમતી દિપીકા પંકજ ધારીઆ (લાલખા)
૧૨) એક શુભેચ્છક
૧૩) જ્યોતિપુંજના સર્વ વાંચકોને જે જે શ્રી ગોકુલેશ.
૧૪) શ્રીમતી પુષ્પાબેન ભીખાલાલ કોટીઆ
૧૫) સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા)
૧૬) સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લદ્ઠા પારેખ)
૧૭) સ્વ. નવીનચંદ્ર મણીલાલ દેસાઈ (તેલવાળા)
૧૮) સ્વ. રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લાલખા)
૧૯) સ્વ. ઈન્દુમતી ચીમનલાલ નગરશેઠ
૨૦) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ

આગામી વર્ષ ૨૦૧૭-૨૦૧૮માં આપ સર્વ જે જાહેરખબર આપશો તેની વિગત. ડિઝાઈન વગેરેમાં જે ફેરફાર કરવા હોય તો જે ખરેખર ખર્ચ થસે (પ્રેસના બીલ પ્રમાણે) તે લેવામાં આવશે.

ભવિષ્યમાં પણ આપ સૌ આવો સુંદર સહકાર આપતા રહેશો.ધન્યવાદ.

*****



# જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ



**જ્યોતિપુંજ સહર્ષ યોજે છે ચિત્રકામ હરિફાઈ.**

**આ હરિફાઈ બે ગ્રુપમાં રાખી છે. હરિફાઈ માટેના વિષયો, નિયમો નીચે મુજબ છે.**

૧) ગ્રુપ નં.- ૧ (ઉંમર વર્ષ ૪ થી ૮ વર્ષ)

**વિષયઃ** આ ગ્રુપના બાળકોએ જ્યોતિપુંજ માર્ચ ૨૦૧૭ના પાના નં. ૧૯ પર દોરેલ ડોરેમોન ના ચિત્રમાં મનગમતા રંગ પુરવા. (રંગના માધ્યમ કોઈ પણ ચાલશે.)

૨) ગ્રપુ નં.-૨ (ઉંમર વર્ષ ૯ થી ૧૨ વર્ષ)

સ્ટાન્ડર્ડ સાઈઝના ડ્રોઈંગ(A-૪) પેપર પર નીચેના માંથી કોઈ પણ એક વિષય પર ચિત્ર દોરવું.

**વિષયઃ** (૧)રાજા - રાણી, (૨) હિંડોળો (ઝૂલો), (૩) રણમાં ઉત્સવ,(૪) માનવીના વફાદાર મિત્રો - પશુ (પ્રાણીઓ) (૫) પદાર્થ ચિત્ર (ઓબજેક્ટ)માં નીચેની વસ્તુઓ ટેબલ પર દોરોઃ(ક) લેપટોપ, (ખ) ફૂલદાની (ફલાવર વાઝ), (ગ) કોઈપણ બે ફળ, (ઘ) ગોગલ્સ, (ચ) કેપ (માથાની ટોપી)

**નિયમોઃ**

૧) એક બાળકનું એક જ ચિત્ર સ્વીકારાશે.

૨) ચિત્ર પર કંઈ જ લખવું નહીં પરંતુ આ સાથે એક સ્વચ્છ સારા કાગળ પર વસ્તીપત્રક ક્રમાંક, પિતાનું આખુ નામ, ખીજ, બાળકનું આખું નામ, ઉંમર ધોરણ (જેની પરીક્ષા આપી હોય તે) સરનામું, ટેલીફોન નંબર લખવા.

૩) વિગતલખેલા કાગળ સાથે ચિત્ર કવરમાં પેક કરી, કવર પર જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ લખી પ્રશાંત પરીખની ઓફિસે રૂબરૂ અથવા પોસ્ટ, કુરિયર દ્વારા મોકલવું. એડ્રેસ : એપેક્સ સર્વિસીઝ, ૫૯, નંદ ભવન, રૂમ નં. ૩૫, બીજે માળે, બાબુગેનુ રોડ, લોહાર ચાલ, મુંબઈ - ૨, સમય : બપોરના ૧૧ થી સાંજના ૭.

૪) તમારું ચિત્ર તા. ૭-૫-૨૦૧૭ સુધી અમને મળી જવું જોઈએ.

૫) બંને ગ્રુપમાં પ્રથમ, દ્વિતિય, તૃતીય ઈનામો એનાયત થશે અને નિર્ણાયકોના મત મુજબ કોન્સોલેશન પ્રાઈઝ પણ આપવામાં આવશે.

૬) તંત્રી મંડળના નિર્ણયો બધી બાબતમાં આખરી ગણાશે.

# મોહે રંગ દે



# જીવન છે એક નૈયા કેરી નાવડી:-

- ગીતા રાજેન્દ્ર લટકારી

જીવન છે એક હૈયાં કેરી નાવડી, તેમાં બંધાય છે પાપ ને પુણ્ય,
જીવન છે એક હૈયા કેરી નાવડી માં બંધાય છે પુણ્ય ને પાપના કર્મો- જીવન છે એક હૈયા...
(અંધકરા) અજ્ઞાન અંધારૂં છે, જ્ઞાન આત્માનો પ્રકાશ લાવનાર છે.
મનને મેલું ન રાખો, દુંગતિમાં વાસ થાય છે... જીવન છે...
સાચો રસ્તો મળે ત્યાં જ ચાલવું ને
બીજોને સારો રસ્તો દેખાડવો... જીવન છે...
વિનય ધર્મનું મૂળ છે, જીવ માનવતા ભર્યુ (છે) શોભે છે
અમી નજરે જુઓ જીભમાં મિઠાશ રાખો.. જીવન છે...
હૃદયમાં પ્રભુનું નામ રાખે છે, તેનું જીવન સફળ બને છે
પ્રભુનાં નામમાં એવી શક્તિ (તાકત) છે જીવન ધન્ય બને છે જીવન...
સારાં વિચારોથી સારું થાય સૌનું, કલ્યાણ તમારું
ધર્મ કરે ને માંગીયે કે પીએ થાય આત્માનું કલ્યાણ (થાય). જીવન ....
સારાં કર્મોથી થાય તેજ સાચો ધર્મ છે. ધર્મ કરી કંઈન માગશો
ધર્મ ને કર્મ કરી માંગવુ નહિ. સુખ ન મળે સાચું... જીવન...
કલ્યાણ ન થાય વિશ્વ માટે ભલી ભાવનાં રાખવી,
સૌનું ભલુ ઈચ્છવું એવી મારી છે ઈચ્દ્ધા. જીવન....
કોઈનું અપમાન તે આપણું પોતાનું અપમાન છે
ટાંકણાંનાં ઘા વેઠનાર પથ્થર પુજાને લાયક બને છે. જીવન..
સેવા પૂજા શા માટે ? અણહારી પદ મેળળવા માટે ?
કે આહાર સંજ્ઞા ઉપર કાબુ મેળળવા માટે ? જીવન...
ફુલ પુજા શા માટે ? સેવા પુજાનું અંતિમ મોક્ષ પ્રાપ્ત કરવા માટે.
જીવન છે એક હૈયા કરી નાવડી...
ધર્મ કર્મમાં ભાગનથી કોઈનો, સૌના કર્મો પ્રમાણે થાય છે.
દુર્ગણ થી દૂર રહો સદ્‌ગુણની સાથ રહો, સૌનું ભલું થાય છે)ઈચ્છે છે જીવન...

**જે જે શ્રી ગોકુલેશ**
**આ દેહ રૂપી જીવનની હૈયા રૂપી નાવડીમા ભવો ભવ હૃદયનાં પ્રેમ રૂપી ભાવથી તરતી રાખજો**
**તો જીવન જીર્વ્યાનો આનંદ પામશો.**

# કે.એમ.જી જનરલ હૉસ્પિટલ ટ્રસ્ટ , બાલાસિનોર

## બાલાસિનોરની કે.એમ.જી જનરલ હૉસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં નીચે મુજબ કેમ્પ યોજવામાં આવેલ

૧) **શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબિટીસ નિદાન કેમ્પઃ**

તા. ૧૨-૨-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૦૩ દર્દીઓ નોંધાયેલા. જે પૈકી ૯૨ દર્દીઓના દશ દિવસના રૂા. ૧૭૭૯૮/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. ૧૦૩ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ રૂા. ૮૪૧૦/- ફ્રી કરવામાં આવેલ. તેમજ મેડીકલ કંપની તરફથી ડાયાબીટીશની દવાઓ રૂા. ૭,૦૦૦/- ની દવા ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ફિઝીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધી તથા તેઓના ડૉકટરોની ટીમે સેવાઓ આપેલ તથા આપણી હોસ્પિટલના ફિઝીશીયન ડૉ. પી.કે.ત્રિપાઠી તથા ડૉ. વિરલ પટેલે સેવાઓ આપેલ. આ કેમ્પમાં કારોબારી મંત્રીશ્રી નિતીનભાઈ પરીખ, શ્રી પરેશભાઈ પરીખ (દુધવાળા), શ્રી વિનીતભાઈ મોદી (દેવ) શ્રી રાજુલભાઈ પરીખ (લાય) અને નીતીન ગાંધી મુંબઈથી ખાસ હાજરી આપી હતી. આગામી નિદાન કેમ્પ તા. ૧૧-૬-૨૦૦૧૭ના રોજ યોજવામાં આવેલ છે.

૨) **ઈકો કેમ્પઃ** તા. ૫-૨-૨૦૧૭ના રોજ યોવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૪૨ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

૩) **છારી કાઢવાનો કેમ્પઃ** તા. ૧૭-૨-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૧૫ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

વર્ષ ૨૦૧૬-૨૦૧૭નો દાતાશ્રીઓના સન્માનનો વાર્ષિક સમારંભ તા. ૫-૩-૨૦૧૭ને રવિવારના રોજ હોસ્પિટલના પટાંગણમાં 'કુણીવાલા કેમ્પસ' ખાતે યોજવામાં આવનાર છે. તો સર્વે બાલાસિનોરવાસીઓને હાજર રહેવા ભાવભીનું આમંત્રણ છે.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટઃ- સુપર સ્પેશ્યાલીટી સેન્ટર માટે વધુ નોંધાયેલ દાનઃ-**

૧) **કુસુમબેન અને નવનીતલાલ કડકીઆ (લટકારી) હ. શ્રી અતુલ નવનીતલાલ કડકીઆ**
બે ઓટોમેટીક બેડ માટે રૂા. ૨ લાખ

૨) **નવનીતલાલ રમણલાલ કડકીયા હ. અજીત નવનીતલાલ કડકીઆ** બે હાઈડ્રોલીક બેડ માટેઃ- રૂા. ૧ લાખ

૩) **એક સદ્ ગૃહસ્થ** તરફથી બે હાઈડ્રોલીક બેડ માટે :- રૂા. ૧ લાખ

**હોસ્પિટલમાં જાન્યુ ૨૦૧૭ના માસ દરમ્યાન નીચેના વિવિધ વિભાગોના લાભ લીધેલ દર્દીઓઃ-**

| | | |
|---|---|---|
| ૧. લીલાબેન કીર્તનલાલ દોશી | નેત્ર વિભાગ | : ૧૨૭૩ |
| ૨. રમણલાલ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગ | : ૩૦૬ |
| ૩. શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સા વિભાગ | : ૧૮૯ |
| ૪. શાંતાબેન કાંતિલાલ લાલચંદ દોશી | ઈએનટી વિભાગ | : ૧૨૦ |
| ૫. લીલાબેન અને ડૉ. બાબુલાલ સાંકરલાલ દેસાઈ | ફીજીશીયન વિભાગ | : ૨૬૮૮ |

**શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ : માનદ્‌મંત્રીશ્રીઓ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ - આંતરિક રમત-ગમત ૨૦૧૯-૨૦૧૭

**Sponsored by - શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (M/s સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) અને શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ કડકીયા (કડકીયા એન્ટરપ્રાઈઝ)**

**આંતરિક રમત-ગમતના પરિણામો**
**(વર્ષ-૨૦૧૬-૨૦૧૭)**

**I) કેરમ Jr. (સીંગલ્સ) Gents**
૧) હેનીલ રીપલ દેસાઈ
૨) યુગ નીકેશ ગાંધી

**II) કેરમ Sr. (સીંગલ્સ) Gents**
૧) સચીન આર. કડકીયા
૨) અમન મનોજ કડકીયા
૩) દેવાંગ વ્યોમેશ પરીખ

**III) કેરમ Sr. (ડબલ્સ) Gents**
૧) દેવાંગ વ્યોમેશ પરીખ, જીગ્નેશ કાંતીલાલ કડકીયા
૨) નિલેશ ગોકલદાસ પરીખ, પ્રેજલ નીલેશ પરીખ
૩) નીતીન બાબુલાલ દેસાઈ, જીમીશ કોશીક કડકીયા

**IV) કેરમ Sr. (સીંગલ્સ) Ladies**
૧) શેફાલી મનીષ કડકીયા
૨) પ્રતીક્ષા રીપલ ગાંધી
૩) બીના નીતીન દેસાઈ

**V) કેરમ Sr. (ડબલ્સ) Ladies**
૧) પ્રતીક્ષા રીપલ ગાંધી, ચન્દ્રા વ્યોમેશ પરીખ
૨) શૈફાલી મનીષ કડકીયા, બીના નીતીન દેસાઈ
૩) પન્ના સંદીપ દેસાઈ, સેજલ વીરલ ગાંધી

**vi) કેરમ (મીક્સ ડબલ્સ)**
૧) સચીન આર. કડકીયા, સેદલ વિરલ ગાંધી
૨) જીગ્નેશ કાંતીલાલ કડકીયા, શેફાલી મનીષ કડકીયા
૩) નીતીન બાબુલાલ દેસાઈ, બીના નીતીન દેસાઈ

**vii) કેરમ (સુપરહીટ મુકાબલા)**
૧) દેવાંગ વ્યોમેશ પરીખ, ચન્દ્રા વ્યોમેશ પરીખ
૨) સચીન આર. કડકીયા, વૃષાંક એસ. કડકીયા
૩) વીરલ ગાંધી, પ્રેરક વીરલ ગાંધી

**નોંધ :** ઈનામ વિતરણની તારીખ પાછળથી જણાવવામાં આવશે.

❖❖❖❖❖

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

વર્ષ ૨૦૧૭-૧૮નો પ્રથમ કાર્યક્રમ સૌની પ્રિય ગેમ હાઉસી નો રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ તારીખ ૧૯મી એપ્રિલ ૨૦૧૭ના બુધવારે શારદા મંદિર હાઈસ્કૂલ ખાતે બપોરે ૨.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તેના પાસ ૭મી એપ્રિલના રોજ સંસ્થાની ઓફિસે બપોરે ૩ થી ૪ માં આપવામાં આવશે. પાસની કિંમત રૂા. ૧૦૦ રાખવામાં આવી છે.

લવાજમ તથા પાસની રકમ મેમ્બરશીપ કાર્ડ સાથે કોઈ પણ કમિટી બહેનોને નિર્ધારિત તારીખ પહેલા પણ આપી શકાશે.

**શારદા મંદિર હાઈસ્કુલનું એડ્રેસઃ**

લોઢા હોલ, શિવતાપી ટાવરની બાજુમાં (જે.કે.ટાવર પાસે) ગામદેવી, ધરમપેલેસની પાછળ

**ગ્રાન્ટરોડ થી આવનાર બહેનો - ગામદેવી ટેલીફનો એક્સચેંજવાળી ગલીમાંથી આવી શકશે.**

**મંત્રીઃ ભાવેશ મોદી** **સંયોજક : અલ્પા કડકીયા - ૯૮૧૯૬૨૯૦૬૨**


શ્રીમતી પુષ્પાબેન ભીખાલાલ કોટીઆ ના જે જે શ્રી ગોકુલેશ

# મારે સંગીતને જાણવું છે

- મનીષા શાહ

રાગોની મજા લેતા આપણે સંગીતમાં વપરાતા જરૂરી શબ્દો જેવા કે લય, તાલ, માત્રા જાણવા જોઈએ. ગયા બે અંકમાં આપણે રાગો જાણ્યા પણ, તે કઈ રીતે, કઈ પરિભાષામાં તેના તાન, આલાપ લખાયા ઉપરાંત +, ૦, ૨, ૩ આ ચિન્હો એટલે શું ? એ સવાલ સૌના મનમાં ઉત્પન્ન થયો હશે.

તેથી આ વખતે જાણીએ લય, માત્રા અને તાલની પરિભાષા.

**લયઃ** ગાતી વખતે આપણે એક ગતિમાં ગાવું પડે છે. કોઈવાર જલ્દીથી કોઈ શબ્દ ધીરેથી, શાંતિથી કારણકે આપણે એક લયમાં ગાવાનું હોય છે. લય એટલે ગાતી વખતે વપરાતી સમાન ગતિ અથવા ચાલ.

**લયના ત્રણ પ્રકારઃ-**

૧) **વિલંબિત લયઃ** જ્યારે ગાવાની લય ધીમી હોય એટલે કે ટૂંકમાં ઘડિયાળના કાંટાની એક સેકન્ડ એટલે એક શબ્દ બે સેકેન્ડમાં બોલાય એટલી ધીમી લયથી ગવાય તેને કહેવાય ગીત વિલંબિત લયથી ગવાય છે.

૨) **મધ્ય લયઃ** જ્યારે એ ગાવાની લય એક સેકન્ડ પર એક શબ્દ જેટલી હોય ત્યારે તે મધ્ય લય કહેવાય.

૩) **દ્યુત લયઃ** જ્યારે અંદાજે ગાતી વખતે સેકન્ડના અડધા ભાગમાં શબ્દ લેવાય ત્યારે તે દ્યુત લય થઈ જાય છે.

પણ, આ લય એક નિયમ પાળવા કરાયા છે. ગાયક જો આ નિયમ પાળે તો ગાયન સાંભળવાની અને ગાવાની મજા આવે છે.

**માત્રાઃ** સંગીતમાં લેવાતા તાલને માપવા માત્રા બનાવી છે. એટલે કે શબ્દ અથવા કોઈ વાર બે શબ્દથી પણ માત્રા થાય છે.

**તાલઃ** આ માત્રાઓનો સમૂહ થાય ત્યારે તેનાથી તાલ ઉત્પન્ન થાય છે. લય અને માત્રાને ભેગા કરવાથી ઉતપન્ન થાય છે તાલ. પહેલા ગાયનનો લય નક્કી થાય, પછી તેમાં કેટલી માત્રા ૪, ૮, ૧૬, આવે તે પ્રમાણે તેના વિભાગ થાય અને તેમાંથી તાલ નક્કી થાય.

તાલમાં અનેક પ્રકારના બોલ બોલાય જેમ કે ધા, ધિ, તિરકટ, તૂના, કત્તા આ બધા બોલ તબલા, પખવાજ પર વાગતા હોવાથી તે રીતે બોલાય. જો તબલા, પખવાજ ન હોય, ત્યારે હાથથી તાલ લઈ તેમાં આ બોલ બોલવા પડે છે.

**તાલ માટે વપરાતા શબ્દઃ**

૧) સમ - (+) પ્રથમ માત્રા પર તાલી પડે તેને સમ કહેવાય.

૨) તાલી - (૨,૩) બીજી અને ત્રીજી તાલી આંગળીથી દર્શાવાય.

૩) ખાલી - (૦) ખાલી એટલે હાથની હથેળી હવામાં હલાવાય.

**તાલ ભારતીય સંગીતમાં પ્રમાણે ૨૭ છે.**

**આપણે મુખ્ય ૭ તાલ આવતા અંકમાં જાણશું**

૧) તીન તાલ ૨) ઝપ તાલ ૩) એક તાલ ૪) ચાર તાલ ૫) દાદરા તાલ ૬) કહેરવા તાલ ૭) રૂપક તાલ.

સામાન્ય રીતે આ ૭ તાલનો મુખ્ય રાગોમાં પ્રયોગ થાય છે. જ્યારે સુગમ સંગીતમાં બીજા અનેક તાલ વપરાતા હોય છે. ❖❖❖❖❖

# શ્રી બાલાસિનોર યાત્રા સંઘ

**શ્રી વાડાસિનોર જ્ઞાતિના તેમજ સર્વે વૈષ્ણવો જોગ, સર્વેને જય જય શ્રી ગોકુલેશ**

## ગંગાસાગર, જગન્નાથ, ચંપારણ્યની યાત્રા

સહર્ષ જણાવવાનું કે ઉપરોક્ત સંઘના નેજા હેઠળ શ્રી ગંગાસાગર, શ્રી જગન્નાથજી, શ્રી ચંપારણ્ય વિ.ની પુનિત યાત્રાનું આયોન હાથ ધરાયું છે.

આ યાત્રાનું સંચાલન મેસર્સ એ.ડી.ટુર્સ શ્રી અજય દત્તાણીને સોંપાયું છે. આ યાત્રા તારીખ ૭મી ઓગસ્ટ ૨૦૧૭ના રોજ મુંબઈથી નીકળી ૧૮મી ઓગસ્ટ ૨૦૧૭ના રોજ પાછી આવશે. આમ આ યાત્રા કુલે ૧૨ દિવસની રહેશે. યાત્રાની સંપૂર્ણ રોજબરોજનો કાર્યક્રમવાળો પરિપત્ર યાત્રા બુક કરાવતી વખતે આપવામાં આવશે. યાત્રા દરમ્યાન જન્માષ્ટમી, નંદમહોત્સવ, ચુંદડી મનોરથ તથા અન્ય ઉત્સવો શ્રી ચંપારણ્યમાં ઉજવવાની ઉમદા તક.

**પ્રવાસી દીઠ યાત્રા ખર્ચ રૂા. ૨૬,૦૦૦/-** રાખવામાં આવ્યો છે. યાત્રા ખર્ચમાં નીચે જણાવેલ સુવિધાઓનો સમાવેશ થયેલ છે.

પ્રવાસ મુંબઈથી શરૂ થઈ ને મુંબઈ સમાપ્ત થશે. પ્રવાસ દરમ્યાન બેઠકોમાં ઝારી ભરવાની જોગવાઈ શક્ય હશે તો કરવામાં આવશે. યાત્રા ૩ ટીયર એ.સી. દ્વારા પ્રવાસ. (૨ ટીયર એ.સી.માં પ્રવાસ કરવા ઈચ્છતા યાત્રીઓ એ ટિકિટ નાં વધારાનો ચાર્જ ભરવાનો રહેશે. સુપર ડીલક્ષ એ.સી. રૂમની વ્યવસ્થા (કપલ દીઠ), શક્યતા પ્રમાણે એ.સી.બસ અન્યથા નોન એ.સી. બસ (2x2) દ્વારા પ્રવાસ, સવારના બેડ ટી થી લઈને રાતના મસાલા મિલ્ક, બન્ને સમયનું સ્વાદિષ્ટ ભોજન, સવારનો ગરમ નાસ્તો.

**નોંધઃ** સિનિયર સીટીઝન મહિલાઓ ઉમર વર્ષ ૫૮ તથા પુરુષો વર્ષ ૬૦ ને રેલ્વે પ્રવાસના દરોમાં રાહત પછીથી કાપી આપવામાં આવશે. યાત્રા દરમ્યાન કુલીઓનો ખર્ચ યાત્રીઓએ ચુકવવો પડશે. રીક્ષાઓનો ખર્ચ યાત્રીઓએ ચૂકવવો પડશે. મુંબઈ થી કુર્લા ટર્મિનસ બસનો ખર્ચ યાત્રીએ ચુકવવો પડશે. બેઠકોમાં ઝારી ભરવા અપરસના વસ્ત્રો તથા અન્ય સામગ્રી સાથે લાવવી અનિવાર્ય છે.

યાત્રામાં કુલ ૪૦ કપલ એટલે કે ૮૦ વ્યક્તિઓ વહેલો તે પહેલોના ધોરણે લેવામાં આવશે. ત્યાર બાદ નોંધાયેલ યાત્રી વેઈટ લિસ્ટમાં રહેશે. તા. ૩૦-૩-૩૦૧૭ તથા તા. ૩૧-૩-૨૦૧૭ના રોજ નીચેના સ્થળોએથી યાત્રા માટેના ફોર્મ આપવામાં આવશે.

૧. બાલાસિનોર પ્રગતિસમાજ : કાલબાદેવી. કિર્તિભાઈ કડકિયા. સાંજે ૪.૩૦ થી ૬

૨. નવું મંદિર, ભૂલેશ્વર પેઢીમાં : ભૂપેન્દ્ર કડકિયા. સાંજે ૫ થી ૬

સંપૂર્ણ વિગતો ભરેલા ફોર્મ તા. ૧-૪-૨૦૧૭ના રોજ પ્રવાસિ દિઠ રૂા. ૧૦,૦૦૦/- સાથે સ્વિકારવામાં આવશે. નોટબંદીને ધ્યાનમાં લઈને આ વ્યવસ્થા કરવામાં આવેલ છે. બાકી રકમ પૈકી રૂા. ૧૦,૦૦૦/- તા. ૧-૬-૨૦૧૭ના રોજ ૩ થી ૫ દરમ્યાન ભરવાની રહેશે અને રૂા. ૬,૦૦૦/- ગેટ ટુગેધર વખતે ભરવાની રહેશે.

**વધુ વિગતો માટે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી.**

**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા**
**૯૮૨૦૧૩૫૦૧૪**

**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર)**
**૯૯૩૦૪૩૩૨૩૧ - ૨૩૬૧૩૭૯૫**

# બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી.

**૫, ગણેશ કૃપા, સીક્કાનગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪**

**તા. ૩-૨-૨૦૧૭**

**શેર હોલ્ડર ભાઈઓ / બહેનો,**

**શેર માટેની અગત્યની સૂચના**

૧) કે.વાય.સી. ફોર્મ, નોમીનેશન ફોર્મ, શેર ટ્રાન્સફર ફોર્મ, લઈ જવા માટે શેરની ઝેરોક્સ કોપી બતાવવી, ગ્રાહક મંડળની ઓફીસોમાંથી લઈ જવા વિનંતી.

૨) જે કોઈ સભ્યોએ કે.વાય.સી. ફોર્મ ન જમા કરાવ્યું હોય તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે ફોર્મ જમા કરાવવું.

૩) ઘરમાં મૃત્યુ પામેલા શેર હોલ્ડર સભ્યોના શેરો તેમના નોમીનીને વહેલી તકે શેર ટ્રાન્સફર કરાવવા અથવા તે સોસાયટીમાં પાછા આપીને તેમની વિગતો પૂર્ણ કરવાની રહેશે.

૪) જે શેર હોલ્ડર કે.વાય.સી. કરાવ્યું હશે તેજ શેર હોલ્ડર સભ્યને અનાજની ખરીદી પર ત્રણ ટકા ડીસ્કાઉન્ટ રોકડ પેમેન્ટ સામે તા. ૧-૪-૨૦૧૭ થી તા. ૩૦-૬-૨૦૧૭ સુધી આપવામાં આવશે.

**સેક્રેટરી - (જગદીશભાઈ પરીખ)**

## कानोंमे आके कह गयो वो मतवालो

कानोंमे आके कह गयो वो मतवालो - **પ્રવિણા કડકીઆ**
श्रीजी मोरो मुजको लागे प्यारो प्यारो
जब जब देश जनेको मोको मिलिओ
श्रीजीको मिलने नाथद्वारा जानो जीव तरस्यो
मुस्कुराके श्रीजी बोले. तू आ गई
मैं चौंकी, क्या बात हो गई
श्रीजी जानबूझकर क्यों मोरी हंसी उडावे
मैं हुं दासी तेरे शरनमें आ गई
ईतनी भीड में तू कैसे मुझको जान गयो
सीधी सादी तुम्हरी दासी, तेरे दर्शनकी अभिलाषी
सोवत जागत तेरा सुमिरन मैं करुं
चैन न आवे, हाथ दियो तेरे हाथमें सुख पांउ
गुनगुननाती गीत तू मेरा, मोको लागे अति प्यारा
घंटोके आवाजमें सुननेको न हुणा ठिकानो
फिरसे सुनादे, मेरे कानको लागे प्यारो प्यारो
भलेने वागे जापट श्रीजी बदन हिलोळा खाय
श्रीजी लगो रळियामणा, हो श्रीजी दीसो रळियामणा
तेरे दर्शनको जो आये झापट वागे तडातडी

## તેજસ્વી તારલા

અવિક રીપલ કડકીઆ તે બેલેરોઝમાં મારટીન વેન બુરેન હાઈસ્કુલ (MUBH.S.) ક્વીનસ વીલેજમાં ૩૫૫ સિનીયરમાં સ્થાન મેળવ્યું છે.

તેમણે યુ.એસ. ઈતિહાસ, સર્વ જગતના ઈતિહાસ, અંગ્રેજી ભાષા, અંગ્રેજી પાઠય, સૌમાં મોટામાં મોટા કોર્સ, કર્યા પછી સાઈરાક્યુરા યુનિવર્સિટીમાં પણ ઈકોનોમીક્સ ઉપરાંત કોમ્પ્યુટર પ્રોગ્રામ, ઈલેક્ટ્રીક સર્કીટ એનાલસીસ કર્યો છે. એણે આજે રોબોટીક ટીમ ૨૦૧૫ના ચાર રોબોર્ટ બનાવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ત્યાં એમણે સંજય પટેલ સાથે કામ કર્યું છે.

તેમણે શાહ અને પંડ્યાની CPA ઓફિસમાં એકાન્ટસી કરી છે. તેમના મત પ્રમાણે સપના સાકાર કરવા સૂવાની જરૂર નહીં પણ, એ સપના જોવા જે તમને સૂવા ન દે.

તેમણે જ્યોર્જિયા, સ્ટોની બ્રુક, કોર્નેલ, સીટી કોલેજમાં મશીનરી વીઝનના ક્ષેત્રમાં આગળ વધવાનો વિચાર છે. જે મશીનો વાતાવરણમાં જાતે કામ કરી શકે.

**રીપલ શીરીષ કડકીઆના સુપુત્ર**
**શ્રીમતી ચંદ્રિકાબેનના પૌત્ર**
**સંસ્થા વતી હાર્દિક અભિનંદન**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **ડૉ. ભાવના વી. ત્રિવેદી**
  હેલીંગ ટચ સેન્ટર, ૫, ક્રીસવી હાઈટસ,
  પહેલે માળે, ૨૦૩-૨૨૩, વી.પી.રોડ,
  મુંબઈ - ૪૦૦૦૦૪ - ફોનઃ ૨૩૮૮૬૨૭૭

### મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| શ્રી અનિલભાઈ પુનમચંદ પરીખ (રોકડિયા- અમેરિકાવાસી) | ૭૯ |
| કલાવતીબેન કાંતિલાલ પરીખ (મોટા) | ૯૭ |
| પૂર્ણિમાબેન કિશોર ધારીઆ (સુરતવાળા) | ૬૮ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

**જાહેર આમંત્રણ**

## પાટ ઉત્સવ

રવિવાર તા. ૨૩-૪-૨૦૧૭ના રોજ શ્રી ગોવર્ધનનાથજી અને શ્રી સર્વમંગલા દેવીજીનો પાટ ઉત્સવ રાખેલ છે. આ શુભ અવસર પર સર્વે ભક્તજનોને આવવા વિનંતી. સ્થળઃ પૃષ્ટિમાર્ગીય હવેલી મંદિર કંમ્પાઉન્ડ, જી.ઈ.બી.ની સામે, મોડાસા રોડ, તલોદ-સાબરકાંઠા (ગુજરાત), પીનકોડઃ ૩૮૩૨૧૫

**સંપર્ક સેતુ**

**પ્રમુખ શ્રી-** હર્ષદભાઈ ટી. શાહ-૯૮૯૮૦૨૦૮૫૫
**મંત્રીશ્રી-** ભાવચંદ્રજી મોદી- ૯૪૨૬૪૦૫૭૧૪
**અધિકારીશ્રી -** શ્રી વહ્નિલભાઈ નાયક
૯૪૦૮૫૮૭૮૦૬